સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

નડે ભારત-ભાવિ ને વૃદ્ધોને રસ્તા બદાવી દો!
એંસી પ્લસને હવે સ્મશાન ખાતે ખતાવી દો!
લટકાવી દો! જીવી લીધું છે જીવન એમણે તો -
દવા-દોઝની કંઈ જરૂર જ નહીં, પતાવી દો!
(એક ન્યાયધીશનો ક્રૂર બફાટ)

હાઈકુ

ત્યો! ન્યાયપીઠે
ભારત-સંસ્કૃતિનું
કર્યું પ્રદર્શન !!
(વિદ્વતા-સંસ્કારનો અભાવ)

માત્ર ન્યાય છે -
તમારું કાર્યક્ષેત્ર -
સલાહ નહીં!!
(મર્યાદામાં રહો...)

ચિંતન

બહ્વાશી સ્વલ્પસન્તુષ્ટઃ સુનિદ્રો લઘુચેતનઃ ।
સ્વામિભક્તશ્ચ શૂરશ્ચ ષડે તે શ્વાનતો ગુણાઃ ॥

જ્યારે ભોજન મળે ત્યારે પેટ ભરીને જમી લેવું અને ભોજન મ મળે તો થોડા ભોજનથી સંતુષ્ઠ રહેવું. સારી ઊંઘ લેવી, પરંતુ થોડો સળવળાટ થતાં જ જાગી જવું, સ્વામી પ્રત્યે સંપૂર્ણ વફાદારી દેખાડવી અને લડવામાં જરા પણ ગભરાયું નહિ - આ છ ગુણ વ્યક્તિ એ કૂતરા પાસેથી શીખવા જોઈએ.

કૂતરા પાસેથી છ ગુણ માણસે શીખવા જેવા છે. માણમસે પણ ભોજન મળે ત્યારે જમી લેવું, પણ સમય અને સંજોગો જોઈ જમવું, જ્યારે ઓછું ભોજન મળે ત્યારે થોડો ઓછા ભોજનથી પણ સંતોષ રાખી ભૂખને નિયંત્રણમાં રાખવી. કૂતરો સ્વામિભક્તિ માટે જાણીતો છે. વળી એ ગમે તેવા પડકાર ઝીલવા પણ તત્પર રહે છે. એ નીડર છે. એના આ ગુણો પણ મનુષ્યએ જીવનમાં ઉતારવા જેવા છે.

સુવિચાર

- માલ-મિલ્કતના અભાવે માણસ ગરીબ હોય છે એવું નથી, તે ખરેખર ગરીબ ત્યારે છે જ્યારે તેની પાસે જ્ઞાન, નેકી, દાન ધર્મ અને પ્રામાણિકતાનો અભાવ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માત્ર આજનો દિવસ જ આપણો છો. ગઈકાલ માટે આપણે મરી ગયા છીએ અને આવતીકાલ માટે હજુ આપણે જન્મ્યા નથી - **જેરેમી ટેલર**
- સવાલ : જીવનની ગાડી જોખમી ક્યારે બની શકે ? જવાબ : એમાં બ્રેક અને રિવર્સ ગિયરની હોય અને માત્ર એક્સિલેટર જ હોય ત્યારે - **જનકલ્યાણ**
- વ્યક્તિ નહીં, વૃત્તિ બોજ છે, વૃત્તિમાં પણ દુર્વૃત્તિ બોજ છે - **મોરારિ બાપુ**
- મધુર વાણી એ આધ્યાત્મિક પંચામૃતની શર્કરા છે - **જીવન પાથેય**
- વિશ્રામ આપનારું કળિયુગનું એકમાત્ર સાધન છે, 'હરિનામ' - **ધર્મલોક**
- આજનું ઔષધ : નીમ તેલ દિવાની પૂરી વાટ સળગાવવાથી મચ્છર ભાગી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંતે કથા દરમિયાન કહ્યું. 'સૌ કોઈ પૈસા પાછળ દોડે છે, પણ તેઓ જાણતા નથી કે મૃત્યુ બાદ પૈસો સાથે આવવાનો નથી.' આ સાંભળી ધનવાનને ગુસ્સો આવ્યો. એણે પોતાના વિશ્વાસુ બે ગુમાસ્તાને બોલાવીને કોઈ એવો આઈડિયા આપવાનું કહ્યું. જેથી પોતાના મૃત્યુ બાદ એ પોતાની સાથે પોતાનું ધન લઈ જઈ શકે. ગુમાસ્તાને થયું કે શેઠનું ચસ્કી ગયું છે. એવામાં એક ઓલિયા ફકીર જેવો એક માણસ આવ્યો એણે શેઠની સાથે વાત કરતાં પૂછ્યું, 'તમે કદી અમેરિકાની મુસાફરી કરી છે?' શેઠે કહ્યું, 'હા, ફકીરે પૂછ્યું,' અમેરિકા ગયા ત્યારે પાસપોર્ટ - વિઝા સાથે બીજું તો એવું શું લઈ જવું પડ્યું હતું, જેના વગર પ્રવાસ શક્ય ન થતો હોત ?? શેઠે કહ્યું, 'ભારતીય રુપિયાને ડોલરમાં રૂપાંતરિત કરાવવા પડ્યા હતા,કારણ કે ત્યાં રૂપિયાનું ચલણ સ્વીકાર્ય નથી.' ફકીરે પૂછ્યું, 'એવું શું કામ કરવું પડ્યું ?' શેઠે કહ્યું, 'અમેરિકા જઈએ તો ત્યાંનું જ ચલણ ચાલે ને... ત્યાં રૂપિયા થોડા ચાલે?' ફકીરે તરત જ કહ્યું, 'એ જ પ્રમાણે મૃત્યુ બાદ પણ આ રુપિયા થોડા ચાલશે?' મૃત્યુ પછી ના જગતમાં ચાલતા ચલણનું નામ છે 'પુણ્ય' એ જેટલું વધારે કમાશો એટલું મોત બાદ એ તમારી સાથે આવશે.' શેઠને સન્માર્ગ પ્રાપ્ત થયો.

કોંગ્રેસની દશા અને દિશા : પરિવારવાદ અને જૂથબંધી

તંત્રીસ્થાનેથી...

મનમોહનસિંહ જેવા અણિશુદ્ધ વડાપ્રધાનના નેતૃત્વમાં દસ વર્ષ સત્તા સ્થાને રહેલી ચૂકેલી કોંગ્રેસ એમના જ શાસનકાળ દરમિયાન પતનોન્મુખ બની ચૂકી હતી. વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ફક્ત નામના વડાપ્રધાન બની રહ્યા હતા અને યુપીએના ભાગીદાર પ્રાદેશિક પક્ષોથી લઈ ખુદ કોંગ્રેસની આંતરિક જૂથબંધી એમને મનનું ધાર્યું કશું જ કરવા દેતાં ન હતાં. ભારતીય જનતા પાર્ટીએ જોયું કે ઝાડ બોદાઈ ગયું છે. મોદી જેવા મજબૂત માણસને કુહાડો પકડાવી દઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે લાંબા વખત સુધી એ ઝાડને ટશરો ના ફૂટે એવી મૃતપ્રાય હાલતમાં ધકેલી દીધું છે. અત્યારે કોંગ્રેસ પાસે ફક્ત પંજાબ, રાજસ્થાન અને છત્તીસગઢ એમ ત્રણ રાજ્યોમાં જ સત્તા છે. મહારાષ્ટ્રમાં એની મજબૂરી છે કે તદ્દન વિરોધી વિચારધારા વાળી શિવશેનાને ખભે ઊંચકવી પડી છે. તમિલનાડુમાં કોંગ્રેસનો ટેકો ન મળ્યો હોત તો પણ ડીએમકે સત્તાસ્થાને આવવાનું હતું. ઝારખંડમાં 'ગુરુજી' - શિબુ સોરેનના પુત્રની સરકારમાં ભાગીદારી છે. મધ્યપ્રદેશ જેવું મહત્વનું રાજ્ય કોંગ્રેસે જૂથબંધીને કારણે ગુમાવવું પડ્યું હતું. સિંધિયાને એમના મિત્ર રાહુલ ગાંધી મદદ ન કરી શક્યા એટલે એમને પોતાનું જૂથ લી મોદી શરણું સ્વીકારવામાં શ્રેય માન્યું. દિગ્વિજયસિંહ અને કમલનાથને યુવાન રાજવંશી દીઠા ગમતા ન હતા. રાજસ્થાનમાં 'જાદુગર' અશોક ગહલોતે યેનકેન પ્રકારેણ પોતાની ખુરશી બચાવી. બળવાખોર સચીન પાઈલટને ગાંધી પરિવાર સમજાવીને કોંગ્રેસમાં ટકાવી શક્યો. હવે આવી બળવાખોરી પંજાબમાં શરૂ થઈ છે. પંજાબમાં શરૂથી જ મૂળે પટિયાલાના રાજવી કેપ્ટન અમરિંદરસિંહની મજબૂત પકડી રહી છે. અકાળી દળ પાસે સંત ભિંડરાંવાલેને ઝબ્બે કરવા ઈંદિરા ગાંધીની સરકારે પવિત્ર હરમિંદર સાહિબમાં સેના મોકલી હતી અને એ આસ્થાના સ્થળે લોહી રેડાવ્યું હતું એ મુદ્દો હજી પણ અકબંધ છે. એ જુદી વાત છે કે ખેડૂત કાયદાઓનો વિરોધ કરીને અકાલીદળ અત્યારે એનડીએ ગંઠબંધનનો હિસ્સો રહ્યું નથી. પંજાબમાં અકાલીદળને એની હેસિયત બતાવી દઈ કેપ્ટન અમરિંદર સિંહે સતત વિજય ધ્વજ લહેરાવ્યો છે. પરંતુ ક્રિકેટરમાંથી રાજકારણી બની પહેલાં ભાજપમાં અને પછી કોંગ્રેસમાં પ્રવેશેલા બટકબોલા નવજોત સિદ્ધુએ ઘણા વખતથી ઉપાડો લીધો છે. અમરિંદર સિંહ કોઈને ગાંઠે એવા નેતા નથી, પણ રાહુલ ગાંધીના દબાણથી સિદ્ધુને કેબિનેટ મિનિસ્ટર બનાવવા પડ્યા હતા. સિદ્ધુ અતિ મહત્વાકાંક્ષી 'સ્ટાર પ્રચારક' નેતા છે. કોંગ્રેસે ચૂંટણીઓ દરમિયાન એમનો ઘણો ઉપયોગ પણ કર્યો છે. જો કે પંજાબમાં એમની દાળ ગળે એમ નથી. અત્યારે એ બળવાખોરીના મૂડમાં છે અને આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પોતાના નેતૃત્વમાં લડી જોઈએ એવો આગ્રહ રાખી રહ્યા છે. જો કે હાઈકમાન્ડ અમરિંદરને હાંસિયે ધકેલવાની ભાગ્યે જ હિંમત કરી શકશે, કારણ કે એ નીવડેલા નેતા હોવા ઉપરાંત ગાંધી પરિવારને અનુકૂળ રહેતા આવ્યા છે. કોંગ્રેસમાં આજે પણ ચિદંબરમ્, એ.કે. એન્ટની, અને શશી થરૂર કે કપિલ સિબ્બલ, આનંદ શર્મા અને ગુલામનબી આઝાદ જેવા રાષ્ટ્રીય કક્ષાના આગેવાનો છે. એ પૈકી કોઈ કોંગ્રેસનું રાષ્ટ્રીય નેતૃત્વ સંભાળવા માટેની હિંમત કરી શકે એમ નથી કારણ કે એમની પાસે કાર્યકર્તાઓ કે પ્રજાનું પીઠબળ નથી. એથી બધાએ મને કમને સોનિયા - રાહુલ ગાંધી અને ઈંદિરા ગાંધીની નકલ કરતાં એમનાં પૌત્રી પ્રિયંકા ગંધીની આણ સ્વીકારીને જીવવાનું છે. સામે ભારતીય જનતા પાર્ટીએ આવા નેતાઓ માટે દરવાજા ખુલ્લા જ રાખેલા છે પરંતુ ત્યાં ગયાં પછી કેવી દુર્દશા થાય છે તે કોંગ્રેસીઓ બરાબર સમજી ગયા છે. 'પરિવાર' બેઉ મુખ્ય પાર્ટીઓમાં વર્ચસ્વ ધરાવે છે. પણ ભાજપ પર વર્ચસ્વ ધરાવતા સંઘ પરિવારમાં કોઈ વંશવારસાગત નેતૃત્વ નથી. વળી સંઘના વડાને ક્યારેક વડાપ્રધાન બનવાનું સપનું આવતું નથી.

એક કામ છે તમારું, પછી જરા મળજોને

રંગ અને વ્યંગ

અનંત પટેલ

ઘણા લોકોને એવી ટેવ હોય છે કે એમને જ્યારે કોઈનું કામ પડે છે ત્યારે એ એમને સીધે સીધું શું કામ પડ્યું છે એવું નથી કહેતા પણ ફોન કરીને અથવા તો રસ્તામાં રૂબરુમાં મળી જાય તો એવું કહી દેતા હોય છે કે, 'સાહેબ પછી જરા મળજોને મારે તમારું એક કામ છે!' તમે પૂછો કે, 'એમ? શું કામ છે બોલો...' તો એ કહેશે કે 'એ તો તમે પછી મળજોને હું શાંતિથી તમને કહીશ' આટલું કહીને એ તો ચાલતા થઈ જાય છે. અહીં એવું બને છે કે એ ભાઈ તો ત્યાંથી ચાલતા થાય છે પણ પેલા અન્ય વ્યક્તિને એનું શું કામ પડ્યુ હશે એની ખોજ કરવાના ધંધે લગાડી દેતા હોય છે. હવે વારો પેલા ભાઈ કે બહેનનો આવે છે જેમને કોઈના તરફથી એવું કહેવાયું છે કે તમે પછી મળજો, તમારું એક કામ પડ્યું છે. એ બીજી વાર ફોન કરીને ફરીથી પૂછવાની કોશિશ કરે તો ય પેલા સજ્જન કે સન્નારી પાછું હસીને એવું ય કહે છે કે તમે કશું ટેન્શન ના લેશો, એ તો તમે રૂબરુ મળશો કે તરત જ કહી દઈશ. આવી વ્યક્તિના મનમાં કેવા કેવા વિચારો કે પ્રશ્નો ઉદભવી શકે તે બાબત આપણે ચાર રીતે વિચારી શકીએ, (૧) જો કામ પડ્યું છે એવું કહેનાર કોઈ ભાઈ હોય અને જેમનું કામ પડ્યું છે તે પણ ભાઈ હોય તો આવું આવું વિચારે-

- મારું તે એમને શું કામ પડ્યું હશે ?
- સીધે સીધું કહી દેતાં એમને શું તકલીફ થતી હશે ?
- મારી નોકરી ધંધાને લગતું કંઈ હશે ?
- અમારી સોસાયટી કે ફ્લેટની તો કશી લપ્પન છપ્પન નહિ હોયને ??
- કંઈ સામાજિક કામ તો નહિ હોય ??
- લાગે છે કદાચ પૈસાની જરુર પડી લાગે છે...
- પણ સાલું એ હવે પાછા કહેશે ક્યારે ?

આમ આ પાર્ટી એકલા એકલા જાત જાતના વિચારો કરીને મૂંઝાતા હોય છે...

(૨) જો કામ પડ્યું છે એવું કહેનાર ભાઈ હોય અને જેનું કામ પડ્યું છે તે જો બહેન હોય તો તે આવું કશુંક વિચારે,

- એમના વાઈફ બહાર જવાના હોય ને કંઈ રસોઈ માટે તો વાત કરવાની નહિ હોય ?
- જે હોય તે પણ ભાઈ, ચોખું ચટ કહી દો ને કે શું કામ છે ? એમાં વળી પછી કહીશ એમ કહેવાની ક્યાં જરૂર હતી ?
- આજે તો લાવ, એના પપાને જ વાત કરું તે એ જઈને એમને પૂછી આવે કે એમને અમારું શું અને કેવુંક કામ પડ્યું છે???
- એમને વળી મારું તે શું કામ પડ્યુ હશે ? એ એમના વાઈફ મારફત મને ના કહેવડાવી શકે ??

(૩) જો કામ પડ્યું છે એવું કહેનાર બહેન હોય ને જેમનું કામ પડ્યું છે એ જો ભાઈ હોય તો તે આવું વિચારી શકે

- અરે યાર આમને તે મારું કેવું કામ પડ્યુ હશે ??
- મારી ઓફિસનું કે બજારને લગતું જ કશું ક હોવાનું ...
- પણ એવું હોય તો એ મારા વાઈફને ના કહી દે ? પણ એમને મને કહ્યું છે એટલે કદાચ બીજું કશુંક ખાસ (!) કામ પણ હોઈ શકે એવી ધારણા કરી એ પુરુષ સહજ રંગીન કલ્પના પણ કરી બેસે...
- ના ના એ તો એવાં નથી.... ચાલ મારી વાઈફને જ કહી દઉં તે એ એમને જ પૂછી લે એટલે મારે કાંઈ જોખમ કે ચિંતા જ નહિ....
- શી ખબર એમના મનમાં શું હશે ?? મેં તો એમને કોઈ દિવસ બીજી કોઈ રીતે જોયા જ નથી...!(?)

(૪) જો કામ પડ્યું છે એવું કહેનાર કોઈ બહેન હોય અને જેમનું કામ પડ્યું છે તે પણ બહેન જ હોય તો એ આવું વિચારે,

- અરેરે આ શાંતાબેન પણ વાતમાં શું મોણ નાખતાં હશે ? જે હોય એનો ફોડ ઝટ ના પાડી દે...
- ના ના એ ચોખું જ ના કહી દે કે એમને સાડી લેવા કે પછી શાકભાજી લેવા કે પછી ડી માર્ટમાં ખરીદી માટે જવું છે... ●હા કદાચ એક શક્યતા છે કદાચ એમને કાલુપુર જઈ અનાજ કરિયાણું પણ ખરીદવાનું હોઈ શકે છે...

મિત્રો જોયું ? કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિને શું કામ છે એવો ફોડ પાડવાને બદલે માત્ર તમારું એક કામ છે એમ કહીને અટકી જાય તો સામેની પાર્ટીનું મગજ કેવા ધંધે લાગી જાય છે એ તમે પણ સમજી શકો છો. આમ લોકો જાણે અજાણે પણ બીજા લોકોને કારણ વગર કામે લગાડી દેતા હોય છે તે આનું નામ....અને દુનિયામાં આવા લોકો ઘણા હોય છે. એટલે મહેરબાની કરીને હવે તમે તો તમારા મિત્ર કે સ્નેહીજનને એમનું એક કામ પડ્યું છે એવું કહેવાને બદલે જે હોય એનો ફોડ તરત જ પાડી દેજો હોં....

કામ પછી કહીશ એવો વાયદો બતાવતા જ નહિ...

મો. 9898409053
anantpatel135@yahoo.com

રંકના ઝૂંપડા જ્યાં, વિરાજે ચરણ આપના ત્યાં

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

આપણાં તહેવારો પ્રેમ, બંધુતા તથા કરુણતાના મહાન સંદેશ સાથે હમેશા ઉજવાતા રહેલા છે. માણસમાં અનેક બાબતો તેના સ્વભાવ તથા સંસ્કારને કારણે રોપાયેલી છે. મનુષ્યને ધર્મ પ્રેરણા ચિરકાળથી રહી છે. ધર્મ ભાવના એજ માણસની વિશેષતા છે તેમ કહેવાયું છે. (ધર્મોહિ તેષામધિકો વિશેષો) ધર્મ તરફની પ્રીતિ દ્રઢ અનુભૂતિના માધ્યમથી થાય છે. ધર્મના અનેક સંસ્થાપકોને પ્રેરણા પણ કોઈ ગહન અનુભૂતિમાંથીજ મળી. વિનોબાજી તેને Mystic experience — ગૂઢ અનુભવ તરીકે ઓળખાવે છે. ધર્મવૃત્તિ એ કદાચ ભારતીય માનસની વિશેષતા છે. ધર્મ સંસ્થાપકો સામંજસ્યની તરફેણ કરનારા રહ્યા. ગુરુ નાનકદેવે ધર્મ સાથે જોડાયેલ અસ્પષ્ટતાઓ — જટિલતાઓને વેગળી રાખી આચારધર્મના મહત્વ સાથે ધર્મસંસ્થાની સ્થાપના કરી. ગુરુબાની કે ઉપનિષદોમાં અન્યના મત માટે સહિષ્ણુતા તથા પરધર્મ સહિષ્ણુતાનો મહિમા કરવામાં આવ્યો. જીવન તથા ધર્મના અનુસંધાન અંગે આધુનિક કાળમાં ગાંધી — વિનોબાજીએ એક નૂતન દ્રષ્ટિ આપી. આથી ગાંધીજી — વિનોબાજી એ રાજકીય નેતૃત્વ ઉપરાંત આધ્યાત્મિક નેતૃત્વ કરનારા મહાનુભાવો છે.

સમાજમાં લગભગ દરેક જગાએ તહેવારોની ઉજવણીનું વ્યાપારીકરણ થયું હોય તેમ લાગ્યા કરે છે. થોડા વર્ષો પહેલા નાતાલની પૂર્વ સંધ્યાએ ગાંધીનગરના બિશપે એક નાના મેળાવડાનું આયોજન શુભેચ્છાઓની આપ-લે કરવા માટે કરેલું. તહેવારોની ઉજવણીના સંદર્ભમાં બિશપે એક સુંદર તથા સમજવા જેવી વાત કરી. તેમણે કહ્યું કે દિન-પ્રતિદિન ધાર્મિક તહેવારોની ઉજવણીમાં બાહ્ય દેખાવ તથા ભપકા વધતા જાય છે. બજાર ઊભી કરવાનું તથા તેની વૃધ્ધિ કરવાનું કામ વ્યાપારી ધોરણે ધાર્મિક તહેવારોના ઓઠા હેઠળ થતું જોવા મળે છે. આમ થવાથી સ્વાભાવિક રીતેજ ઉજવણીનું ચેતન તત્વ back burner પર રહી જાય છે. કેટલીકવાર તો ધાર્મિક ઉજવણીઓ કે અન્ય કોઈ સામાજિક ઉજવણીઓ પણ ઘોંઘાટ કે ખૂબ ખર્ચાળ તેવી વિધિઓમાં ફસાય છે. મકરસંક્રાંતિના તહેવારોમાં નાના — નિર્દોષ પક્ષીઓને ઊભી થતી અડચણો કે દિવાળીના ફટાકડા ફોડતા બનતી દૂર્ઘટનાઓ સામાન્ય બનતી જાય છે. ધર્મનો હેતુ માનવમાત્રના કલ્યાણનો હોય તો આવા પ્રસંગોએ આપણી સંવેદનાનો તાર રણજણવો જોઈએ. ઉપાસનાની વિવિધતા હોઈ શકે છે પરંતુ સાધ્ય તો માનવમાત્ર માટે કલ્યાણકારી હોય તે જરૂરી છે. આપણી વૃત્તિના બેસણાં તો કવિગુરુ ટાગોરે કહેલું છે તેમ પ્રેમ — કલ્યાણ તથા કરુણાના માર્ગે જીવન જીવવા મથતા સમાજ વચ્ચે જ હોઈ શકે. કવિગુરુના મધુરા ગાન પંડિતોની પોળમાં ઠરીઠામ થવા માંગતાં નથી.

ને કિયે થાનક જૈ બિછાવું
બેસણાં હોજી ! હો ગાન મારા જી !
પંડિતોની પોળમાં હોજી
હો ભાઈ જી...જી...જી !
જ્યાં દલીલના દિનરાત કાંતણ
થાય જી...જી...જી !
જ્યાં તેલ પાત્રાધાર કે ના
પાત્ર તેલાધાર !તત્વ છણાય જી...જી...
બેસવું છે ગાન મારા જી !
એ સાંભળીને ગાન મારે
ચીસ નાખી જી : ને ને કદી ને જી...

કવિશ્વરના મધુરા ગાનને તો ભોળા તથા પ્રેમાળ જનોની સંગાથમાં જ ગોઠવાવું ગમે છે. ''ભોળાનો ભગવાન'' એવી કહેવત ઘણાં અનુભવે ઘડાયેલી હશે. નાતાલ કે કોઈપણ ધાર્મિક તહેવાર કે તેની ઉજવણીનો માહોલ અંતે તો સામાજિક સમરસતા કે વંચિતોના કલ્યાણ તરફ જોવાની દ્રષ્ટિ કેળવવાનું શીખવે તો તહેવારોની ઝાકમઝોળ દિવ્યતામાં પરિણમી શકે છે. ઈશ્વર કે કોઈ પરમ તત્વની આરાધના કરવાના પ્રસંગની ઉજવણીમાં ઈશ્વર છેવાડાના માનવીની સંગાથે રહેલો છે તેવી પ્રતિતિ આવા તહેવારોની ઉજવણીને સાચી દિશા તથા દ્રષ્ટિ આપી શકે. કવિગુરુના આવા ભાવને સુંદર રીતે વ્યક્ત કરતા પદનો સુંદર ભાવાનુવાદ જુગતરામ દવેએ આપણા માટે કર્યો છે.

ચરણ આપના ક્યાં વિરાજે,
ચરણ આપના ક્યાં ?
સૌથી દલિત, સૌથી પતિત,
રંકના ઝૂંપડાં જ્યાં
પાછાંમાં પાછાં, નીચમાં નીચા
દૂબળા બાપડા જ્યાં —
વિરાજે, ચરણ આપના ત્યાં
હું હું કરતો લટક્યો,
મારો હું ન પહોંચ્યો ત્યાં —
તાજ વિનાના, સાજ વિનાના
આપ રમો છો જ્યાં ! ... પાછાંમાં પાછાં...

ઈશ્વર કે આપણી શ્રધ્ધામાં જેનું સ્થાન હોય તે પરમ તત્ત્વ જ્યાં ભાગ્યેજ હોય તેવા ધનના ધામો કે રાજના માનોમાં શોધવાનું આપણું વલણ હોય છે તે કવિગુરુ કહે છે. પરંતુ ઈશ્વર તો કૃપાળુ છે. તેની કૃપા તો સર્વત્ર છે છે પરંતુ જે દૂણ્યાં — દૂભાયેલા છે તેમના તરફ વિશેષ છે. મા ને જેમ નબળા કે દૂબળા બાળકની વિશેષ ચિંતા રહે છે તેમ જગતપિતાને પણ ભેરુહીના ભેરુ થઈને રહેવું ગમે છે.

પરમ તત્વને પામવાની ગતિમાં હું પદના અવરોધની વાત પણ કવિગુરુએ કરી છે. હું પદનું મિથ્યાભિમાન તથા આપણે સ્વેચ્છાએ બાંધેલી ગ્રંથિઓ પ્રભુ સ્મરણના માર્ગમાં અવરોધ ઊભો કરતી રહે છે. આથી શ્રધ્ધાપૂર્વકના સમર્પણનો ભાવ જાગૃત થતો નથી તે આપણું દૂર્ભાગ્ય છે. જેમનામાં શ્રધ્ધા તથા સમર્પણનો ભાવ જાગ્યો તેમને હું પદનો અવરોધ નડ્યો નથી. નરસિંહ મહેતા તથા મધ્યયુગના આપણાં સંતોની દ્રષ્ટિ સ્પષ્ટ હતી અને તેથી તેમની દિશા પણ સ્પષ્ટ બની શકી. માનવ માત્રના કલ્યાણના ભાવથી તેમને સાચી દિશા તથા ગતિ બન્ને મળ્યાં. ગાંધીયુગમાં પણ ઠક્કરબાપા કે છોટુભાઈ દેસાઈ (મહાદેવ દેસાઈના મોટાભાઈ)ને પરમેશ્વરના બેસણાં છેવાડાના માનવીઓમાંજ જોવા મળ્યાં. આથી તેમનું જીવન આ વર્ગોની સેવાને સમર્પિત થયું. તેમાંજ તેમને ખરા અર્થમાં પ્રભુભક્તિનો મહિમા સાર્થક થતો જણાયો. વાત સંવેદનશીલતાને જીવનમાં પ્રગટાવવાની છે. બાહ્ય દેખાવો કે તેની સાથે જડાયેલા બજારૂ ભપકાઓથી શક્ય તેટલા અલિપ્ત રહીને તહેવારો કે ઉજવણીનામાધ્યમથી પ્રેમ તથા કરુણાના સંદેશાને હૈયામાં ધારણ કરવાના છે. જો તેમ થાય તોજ ઉજવણી સાર્થક બને. છેવાડાના માનવી તરફ સ્નેહ તથા કરુણામય નજર રાખવાનો સંકલ્પ કરીને તે દિશામાં એક નાનું પણ નક્કર પગલું ભરવાના નિર્ણય સાથે શ્રીસ્વરૂપનો દીપક હૈયામાં પ્રગટાવીએ.

ઈકોસિસ્ટમને પૂર્વવત્ બનાવીએ

Food and Agriculture Organization of the United Nations
UN environment
IUCN

પ્રસંગસર

નરેશ ઠાકર

વિશ્વ પર્યાવરણ દિન ૨૦૨૧નું થીમ 'ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન' છે. યુએન સંસ્થાએ વર્ષ ૨૦૨૧થી ૨૦૩૦ દરમિયાનના દાયકાને 'યુએન ડિકેડ ઓન ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન' અર્થાત્ ઈકોસિસ્ટમને પૂર્વવત્ બનાવવાનો આશય જાહેર કર્યો છે. જોખમભરી નીતિઓ અને એકધારી ખેતી, જંગલો વિચ્છેદ કરવાની લાલસાના પરિણામે ઈકોસિસ્ટમની હાલત બગડી રહી છે. કચરાના આખરી નિકાલની ક્ફોડી વ્યવસ્થા અથવા ઉદ્યોગોની લાપરવાઈ તળાવો સહિતના જળશયો, જળપ્રવાહો તેમજ દરિયાકાંઠાઓને પ્રદૂષિત કરી રહ્યાં છે. ધંધાદારી જરૂરીયાતો ખુલ્લી જમીનો પર સિમેંટ કોંક્રીટના દબાણો વધારે છે, તેમજ અવર-જવરના માર્ગો ડામરરોડથી ઢંકાઈ રહ્યાં છે. આથી, શહેરો અને નગરોમાં હરિયાળી જગ્યાઓ ઝડપથી ઘટી રહી છે. ભૂમિ અને જળ વિસ્તારોના અંદાજે ૩૫૦૦ લાખ હેક્ટર ફ્રશ કે બેહાલ થયેલ ઈકોસિસ્ટમના વિસ્તારોને રિસ્ટોર કરવાના છે. પૂર્વવત્ બનાવવાનો છે. ઈકોસિસ્ટમની હાલત સુધારવાની આ સેવાઓથી ૯ ટ્રિલિયન અમેરિકન ડોલર્સ આર્થિક લાભ નીપજવાનો અંદાજ છે. ઈકોસિસ્ટમને પૂર્વવત્ કરવાની પ્રક્રિયાથી વાતાવરણમાં સંચિત થયેલ ૧૩થી ૨૬ ગીગાટન ગ્રીનહાઉસ વાયુઓ પણ ઘટાડી શકાશે. ઈકોસિસ્ટમને રિસ્ટોર કરવાની પ્રક્રિયાઓમાં કરવાના મૂડી રોકાણ કરતાં, તેની હાલત સુધરવાથી ૯ ઘણાથી વધુ આર્થિક લાભો મળશે. પરંતુ, ઈકોસિસ્ટમને પૂર્વવત્ કરવાના પગલાં ન લેવાથી, રિસ્ટોરેશન પાછળ કરવાના ખર્ચની તુલનામાં, વર્તમાન પરિસ્થિતિ ૩ ઘણી ખર્ચાળ બનશે. ઈકોસિસ્ટમ રિસ્ટોરેશનનો મતલબ ઈકોસિસ્ટમની બેહાલ કે લુપ્ત થઈ રહેલ સ્થિતિને પૂર્વવત્ કરવા મદદ કરવી. અત્યાર સુધી જળવાઈ રહેલ ઈકોસિસ્ટમનું આપણે સંરક્ષણ કરવાનું છે. સમૃદ્ધ જૈવવિવિધતા ધરાવતી પ્રાકૃતિક ઈકોસિસ્ટમ, જમીનની ફળદ્રુપતા વધુ જાળવીને અધિક ઉપજ આપે છે, ઉપયોગી લાકડાં તેમજ સમુદ્ર માછલીઓનો વધુ લાભ આપે છે, ઉપરાંત ગ્રીનહાઉસ વાયુઓને શોષતી વિપુલ ભંડાર છે.

વર્ષ ૨૦૨૧થી ૨૦૩૦ના દાયકા દરમિયાન, રોપારોપણ અને વૃક્ષોની માવજત, જંગલો, ખેત જમીનો, શહેરોમાં હરિયાળી વૃદ્ધિ, પ્રકૃતિક બગીચાઓનું નિર્માણ, આહાર પરિવર્તન, નદીઓ, દરિયાકાંઠા, વેટલેન્ડ્સ— જળસ્ત્રાવ વિસ્તારો તેમજ મહાસાગરોમાંથી, કચરાની સફાઈ સહિતની પ્રવૃત્તિઓ થકી ઈકોસિસ્ટમનું રિસ્ટોરેશન કરવાનું છે.

ઈકોસિસ્ટમને તેના મૂળ સ્વરૂપમાં લાવવી મોટેભાગે અશક્ય અથવા અનિચ્છનીય છે. ઈકોસિસ્ટમના એક સમયના જંગલોમાંથી તબદીલ કરેલ ખેત-જમીનો અને માળખાકીય સુવિધાઓની સૌને હજી પણ જરૂર છે. જો કે, ક્લાયમેટ ચેન્જને અનુકૂળ થવાની આપણા સમાજને ખાસ જરૂર છે. ઘણા લોકોની આજીવિકા સુધારા સાથે સુરક્ષિત કરવામાં ઈકોસિસ્ટમ્સને રિસ્ટોર કરવાની પ્રવૃત્તિઓ મદદરૂપ થશે. રોગોનું નિયંત્રણ કરવા તેમજ કુદરતી આફતોનું જોખમ ઘટાડવામાં ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન સહાયક બનશે. વાસ્તવમાં, સસ્ટેનેબલ ડેવલપમેન્ટના તમામ લક્ષ્ય હાંસલ કરવામાં ઈકોસિસ્ટમ રિસ્ટોરેશન સૌને ટેકારૂપ બનશે.

યુએન ડિકેડ વ્યૂહરચનાની ૧૦ કાર્યયોજનાઓઃ ૧. વૈશ્વિક ચળવળ; ૨. રિસ્ટોરેશન કાર્યો માટે નાણા ઉપલબ્ધી; ૩. પ્રોત્સાહન; ૪.અસરદાર નેતૃત્વ; ૫. વર્તણૂકમાં પરિવર્તન; ૬. સંશોધન; ૭. ક્ષમતા વૃદ્ધિ નિર્માણ; ૮. રિસ્ટોરેશનની લાક્ષણિકતા; ૯. નવી પેઢીને રિસ્ટોરેશનની સૂઝ આપવી; અને, ૧૦. સાંભળીને જાણવાની વૃત્તિ વિકસાવવી.

આપણા વિસ્તારોમાં આવેલ રણ, પર્વતો તેમજ વેટલેન્ડ્સ, વગેરે જેવી ઈકોસિસ્ટમની ખણખોજ કરી જાતઅનુભવ મેળવવો જોઈએ. વિશ્વભરમાં પથરાયેલા આવા વિસ્તારો, ૨ બિલીયનથી વધુ લોકોને આશ્રય આપે છે, તેમજ દુનિયામાં જવલ્લે જોવા મળતી બાયોડાઇવર્સિટીને તેમાં આશરો મળે છે. વૈશ્વિક કુલ કાર્બનનો આશરે ૪૬ ટકા જથ્થો, ડ્રાયલેન્ડમાં સંગ્રહિત થયેલ છે. ભારતમાં આવેલ પીટલેન્ડ્સ, સાવન્ના તેમજ સેરેન્ગેટી ગ્રાસલેન્ડ્સ, કોરલ રીફ ઈકોસિસ્ટમ બાબતોથી સૌએ વધુ પરિચિત થવું જોઈએ.

ગુજરાતમાં આવેલા પર્વતો, પીટલેન્ડ્સ, મહાસાગરો, સાવન્નાહ અથવા જંગલો અંગે પણ આપણે જાણવું જોઈએ.

રણઃ કચ્છનું રણ એલઆરકે- લિટલ રણ ઓફ કચ્છ તેમજ જીઆરકે- ગ્રેટર રણ ઓફ કચ્છ એમ બે અલગ અલગ ભાગ તરીકે ઓળખાય છે. કચ્છના મોટા રણ, બરફ જેવા સફેદ દેખાવવાળી ખૂંપી જવાય તેવી (માર્શી) ખારપાટ જમીન છે. આ રણ સફેદ રણ તરીકે પણ ઓળખાય છે. આ રણ, વિશાળ થાર રણનો પણ હિસ્સો ગણ